# ક્રિષ્ના ગ્રીન્સ પાર્ટી પ્લોટમાં મહેફીલ માણતા ૧૩ નબીરા ઝડપાયા

## અડાલજ પોલીસે મોંઘીદાટ ગાડીઓ અને મોબાઈલ મળીને કુલ ૪૦.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો, બર્થ-ડે પાર્ટી હોવાથી મિત્રોની મહેફીલ યોજાઈ હતી

ગાંધીનગર, તા.૨૪

અડાલજ- કોબા માર્ગ પર અંબાપુર ગામની સીમમાં આવેલ ક્રિષ્ના ગ્રીન્સ પાર્ટી પ્લોટ ખાતે દારૂની મહેફીલ માણતા ૧૩ નબીરા ઝડપાયા છે. બર્થ-ડે હોવાથી મિત્રો માટે પાર્ટીનું આયોજન કરાયું હતું. રાત્રીના સુમારે ખુલ્લી જગ્યામાં મહેફીલ ચાલી રહી હતી, તે સમયે અચાનક પોલીસ ત્રાટકતા પાર્ટીમાં રંગમાં ભંગ પડ્યો હતો. પોલીસને જોઈને પાર્ટીમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે મોંઘીદાટ ગાડીઓ- મોબાઈલ સહિત રૂ. ૪૦.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અડાલજ પોલીસે ૧૩ યુવકો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અડાલજ પીઆઈ ડી.એ.ચૌધરીને મહેફીલ અંગે બાતમી મળી હતી. જેને પગલે પીએસઆઈ એમ.જે.શીંદે ટીમ સામે રેઈડ કરી હતી. જયાં પાર્ટી પ્લોટના રૂમની બહાર આવેલી ખુલ્લી જગ્યામાં પાર્ટી જમાવીને બેઠેલા ૧૩ યુવકો પોલીસના સંકજામાં આવી ગયા હતા.

અચાનક ચાલી રહેલી પાર્ટી પર પોલીસ કાર્યવાહીને પગલે યુવકોના ચહેરા પરથી હાસ્ય ગાયબ થઈ ગયું હતું. જયારે પાર્ટી પ્લોટમાંથી ૧૦ યુવતિઓ પણ મળી આવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે સ્થળે થી ૫ દારૂની ખાલી બોટલ, નાના-મોટા ૩૮ ગ્લાસ, ૧૧ મોબાઈલ ફોન કિં.૧.૭૬ લાખ, તેમજ રૂ.૩૯ લાખની ૯ કાર મળી કુલ રૂ.૪૦.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અમદાવાદની યુવતિ દિવ્યા પ્રિન્સ સાલેચાની જન્મદિવસની પાર્ટીમાં તેના પતિ સહિતના યુવકો દારૂની મહેફીલ માટે એકઠા થયા હતા. જયારે મહિલા પોલીસે યુવતિઓના મોં સુધીને જોતા પ્રથમ દ્રષ્ટિએ ૧૦ યુવતિ દારૂના નશામાં ન હોવાનું સામે આવ્યું છે. જેથી પોલીસે તેમના સામે ગુનો નોંધ્યો નથી. પરંતુ યુવતિઓના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા છે જેના રિપોર્ટને આધારે જરુર જણાશે તો તેમના નામ પણ આરોપીમાં સામેલ કરાશે. અડાલજ પોલીસે ૧૩ યુવક સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.








### દારૂ મહેફીલ માણતા ઝડપાયેલા નબીરાઓ

- હિતેશ રમેશભાઈ જૈન, ઉં.૨૯, બી-૪૩ ઓરચીડ ગ્રીન, શાહીબાગ
- પ્રિન્સ લતિતકુમાર સાલેચા ઉં.૨૭ ૧૬-૧ ગીરધરનગર સોસાયટી શાહીબાગ
- ભાવીન જયંતિલાલ જૈન, ઉં.૨૮, ૩૦૩ પાશ્વનાથ સોસાયટી, એપાર્ટમેન્ટ
- રાહુલ દિનેશભાઈ મહેતા, ઉં.૨૮, ૧૦૦૨- આદેશ્વર ટાવર, શાહીબાગ
- અંકિત રમેશભાઈ જૈન, ઉં.૨૮ બી-૩૦૧, કેદાર ટાવર, શાહીબાગ
- શ્યામ નકુલ જૈન, ઉં.૨૭, ૨૦-ચંદન ગાલા રામનગર સાબરમતિ
- રોહન રમેશભાઈ જૈન, ઉં.૨૮, ૪- રીટાપાર્ક, શાહીબાગ
- જેનેશ નરવલ્લીલાલ જૈન, ઉં.૩૧, એ-૯૨ ઓર્ચીડ ગ્રીન, શાહીબાગ
- હર્ષ ભવરલાલ શાહ ઉં, ૨૯, બી-૩, સોમ સોસાયટી, શાહીબાગ
- આદિત્ય અરવિંદકુમાર જૈન ઉં.૩૧, એ-૦૦૧ શગુન જયોતિ એપાર્ટમેન્ટ શ્યામલ ચાર રસ્તા
- ભાવેશ સુરેશભાઈ ભણસાલી, ઉં.૨૫, જી-૨૩ ઓર્ચિડ ગ્રીન્સ શાહીબાગ
- વિમલ મહાવીર જૈન, ઉં.૨૬, એ-૬૦૧ અનમોલ ટાવર, શાહીબાગ
- રોનક રાજેન્દ્રભાઈ શાહ ઉં.૩૧, ૧૩૩ સે-૩ સર્વપરી સોસાયટી, ઘાટલોડીયા

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના ના હુ કાંઈ ચાઈનની ચીજનો બહિષ્કાર કરવાથી આવો નથી થઈ ગયો... પણ આ ગરમીને કારણે...!!





## મધ્યાહન ભોજન યોજનાના હોદેદારોને પોલીસે ઝડપી પાડ્યા

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળના હોદેદારો અન્ન, જળનો ત્યાગ કરી આંદોલન કરવાના હતા. જેને પગલે છાવણી ખાતે હોદેદારો ચંદનસિંહ વાઘેલા અને અન્ય સભ્યો દેખાતા પોલીસે તેઓને પકડી પાડ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજો બજાવતા વિરાણીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રમાં સન્નાટો વ્યાપી ગયો છે.
- માણસા તાલુકાના પ્રતાપપુરા ગામે આજે યોજાયેલ કાર્યક્રમ પૂર્વે જિલ્લા વિકાસ અધિકારીએ પ્રા. શાળા તેમજ પંચાયત ઘરની પણ મુલાકાત લીધી હતી.
- પ્રતાપપુરા ગામે મિયાવાડી જંગલ યોજનાનો પ્રારંભ કરાવતાં વૃક્ષારોપણમાં તેમણે કયા વૃક્ષનું વાવેતર કર્યુ તેવો પ્રશ્ન જિલ્લા વિકાસ અધિકારીએ કર્યો ત્યારે પંચાયતના સભ્ય જયેશભાઈ ચૌધરીએ સીતાફળ એવુ જણાવ્યુ પણ ખેતી કાર્યનો અનુભવ ધરાવતા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલે કહ્યુ કે ખોટુ આ તો જામફળ છે. જેને હિન્દીમાં 'અમૃત' તરીકે ઓળખવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લામાં ટી.બી. ફોરમની આજે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મળશે.
- રાજ્યના આરોગ્ય કમિશનરે આજે જિલ્લાઓના આરોગ્ય અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સીંગ કરી આરોગ્યના વિવિધ કાર્યક્રમોના અમલીકરણ અંગે સમીક્ષા કરી હતી.
- કલોલ તાલુકા વિકાસ અધિકારી રજા પર જતાં તેમનો ચાર્જ ગાંધીનગર ટી.ડી.ઓ.ને અને માણસા ટી.ડી.ઓ. પણ રજા પર હોવાથી તેમનો ચાર્જ દહેગામ ટી.ડી.ઓ.ને સોંપવામાં આવ્યો છે.

## ગાંધીનગરની દિકરી પ્રિયંકા પરમારને રાજ્ય કક્ષાનો બેસ્ટ એનએસએસ વોલિયન્ટર એવોર્ડ

### વર્ષ-૨૦૧૯માં દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડમાં સામેલ થયેલી પ્રિયંકા પરમાર અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજની વિદ્યાર્થીની હતી : વર્ષ-૨૦૧૮-૧૯ માટે એવોર્ડ મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

આજે દેશભરમાં રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી કરવામાં આવી હતી તે સાથે સાથે એનએસએસ એવોર્ડ-૨૦૧૮-૧૯ એનાયત કરવામાં આવ્યા હતા જે અંતર્ગત ગુજરાત રાજ્યના બેસ્ટ એનએસએસ વોલિયન્ટર તરીકેનો "સ્ટેટ એનએસએસ એવોર્ડ" ગાંધીનગરની દિકરી તેમજ એ.એ. પટેલ કોમર્સ કોલેજની સ્વયંસેવક પ્રિયંકા પરમારને પ્રાપ્ત થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રિયંકા પરમારે ગત વર્ષે પ્રજાસત્તાક દિને નવી દિલ્હીના રાજપથ પર યોજાયેલી પરેડમાં સામેલ થઈને ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. સ્ટેટ એનએસએસ એવોર્ડ માટે ૫૦ જેટલા સ્વયંસેવકો પૈકી પ્રિયંકાની પસંદગી થવા પામી હતી.



આજે એનએસએસનો ૫૧મો સ્થાપના દિવસ ઉજવાયો હતો જેમાં ગુજરાત રાજ્ય સરકારના સ્ટેટ એનએસએસ સેલ દ્વારા ઉચ્ચ શિક્ષણ વિભાગમાં "બેસ્ટ એનએસએસ વોલિયન્ટર" તરીકેનો ખિતાબ ગાંધીનગરની એ.એ. પટેલ કોમર્સ કોલેજની પ્રિયંકા રમણલાલ પટેલને પ્રાપ્ત થતાં શહેરના એનએસએસ વર્તુળમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રિયંકા પરમાર વર્ષ ૨૦૧૬ થી એનએસએસ સાથે જોડાઈ હતી અને ૨૦૧૬ થી ૨૦૧૯ સુધી તેણે સ્વયંસેવક તરીકે કાર્યરત રહી અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપ્યુ હતુ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહી નોંધપાત્ર કાર્ય કર્યુ હતુ તેમજ વિવિધ શિબિરમાં પણ જોડાઈને જન જાગૃતિ વિષયક કાર્યોમાં યોગદાન આપ્યુ હતુ. આ એવોર્ડ પ્રિયંકા પરમારને સ્ટેટ એનએસએસ સેલના હાયર એજ્યુકેશન વિભાગના ડાયરેક્ટર એમ. નાગરાજનના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ થકી સે. ૨૭માં રહેતી પ્રિયંકા પરમારે રાજ્યકક્ષાએ ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે. પ્રિયંકાને અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## અમદાવાદમાં પોલીસ સ્ટેશન બહારથી ચોરે કોન્સ્ટેબલનું સ્કૂટર ચોર્યું

શહેરમાં ઘરફોડ કરતા તત્વોએ આતંક મચાવ્યો છે. ઘરફોડ કરનારાઓ બાદ હવે વાહનચોરો પણ જાણે કે પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ એક પછી એક ગુનાને અંજામ આપી રહ્યા છે. હાલ એવી છે કે હવે પોલીસ સ્ટેશન બહાર પણ વાહન પાર્ક કરવું સુરક્ષિત નથી! કેટલાક દિવસ અગાઉ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન બહારથી બાઈકની ચોરીનો બનાવ બન્યો હતો. પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશન બહારથી કોન્સ્ટેબલના સ્કૂટરની ચોરીનો બનાવ સામે આવ્યો છે. પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સાદિક મોહમ્મદ ગુલઝારખાન પઠાણ ૧૯મી સપ્ટેમ્બરના રોજ સવારે ફરજ પર આવ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાનું એવિયટર સ્કૂટર મહિલા પોલીસ સ્ટેશનના ફૂટપાથ પર પાર્ક કર્યુ હતું. જોકે, બપોરે જમવાના સમયે ટિફિન લેવા માટે બહાર આવતા તેમનું એવિયટર જોવા મળ્યું ન હતું. જે બાદમાં તેઓએ સીસીટીવી ફૂટેજ પણ તપસ્યા હતા. જોકે, તેમણે જે જગ્યાએ સ્કૂટર પાર્ક કર્યુ હતું તે જગ્યા સીસીટીવીમાં કવર થતી ન હોવાથી કોઈ હકીકત જાણવા મળી ન હતી.

## સીસીટીવી કેમેરા વેચાણ માટે ફરતા બે યુવકો ઝડપાયા

### ઘડકણ પ્રાથમિક શાળામાંથી યુવકોએ બે દિવસ પહેલા ચોરી કર્યા હતા

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા-સાદરા માર્ગ પર જુના સીસીટીવી વેચવા માટે ફરતા બે યુવકોને એલસીબી પોલીસે દબોચી લીધા છે. સીસીટીવી કેમેરા તેઓએ ઘડકણ પ્રાથમિક શાળામાંથી તાજેતરમાં ચોરી કર્યા હતા. પોલીસે રૂ.૫૪૦૦ની કિંમતના સીસીટીવી કેમેરા કબ્જે કરી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડ ટીમ સાથે ચિલોડા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ અનોપસિંહ અને ગોવિંદકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા-સાદરા માર્ગ પર શિવમ કોમ્પ્લેક્ષ પાસે બે યુવકો જુના સીસીટીવી કેમેરા વેચવા માટે ફરી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામનો ૧૮ વર્ષિય હાર્દિક કમલેશભાઈ પરમાર અને ૧૯ વર્ષિય સાહિત ઉર્ફે મોન્ટું જશવંતલાલ પરમારને પકડી પાડ્યા હતા. પોલીસે કેમેરા અંગે આધાર પુરાવા માંગતા તેઓ યોગ્ય જવાબ આપી શકયા ન હતા. પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓએ બે દિવસ પહેલા જ ઘડકણ ગામની પ્રાથમિક શાળામાંથી સીસીટીવી કેમેરા ચોરી કર્યા હોવાનું જણાવ્યું હતું. બંને યુવકો ગામની આ જ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરી ચુક્યા છે. પોલીસે કેમેરા કબ્જે કરી આરોપીઓ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરવામાં આવેલ કૃષિ સંબંધિત ખરડાઓનો આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આમ આદમી પાર્ટી, ગાંધીનગરના આગેવાનો ભદ્રેયભાઈ પટેલ, સુનિલભાઈ પટેલ અને કાર્યકરોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ આ અંગેનું આવેદનપત્ર કલેકટરશ્રીને આપ્યું હતું.




## ચિલોડામાં એસબીઆઈનું એટીએમ પાંચ માસથી બંધ

ચિલોડા, તા.૨૪

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર અને મુખ્ય જંકશન મથક ગણાતું વેપાર વાણિજય અને અવરજવરનું મુખ્ય કેન્દ્રમાં ચિલોડા પ્રમુખ એલાઈટ કોમ્પ્લેક્ષમાં કાર્યરત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખા આવેલી છે. પરંતુ એટીએમની સુવિધા ધરાવતી બેંકમાં છેલ્લા મે માસથી એટીએમ મશીન ખામીને લીધે બગડી જવાથી ગ્રાહકો અને ખાતેદારોને મળતી ફેસેલીટી બંધ થઈ જતાં ધરમધક્કા પડી રહ્યા છે.

આ વિકસતા ચિલોડા મંથકમાં મોટે ભાગે વેપારીઓ, નોકરીયાતો, ખેડૂતો તેમજ અન્ય ખાતેદારો અને ગ્રાહકો માટે નજીકની બેંક સુવિધાનો લાભ લેવા આતુર હોય છે. પરંતુ ચિલોડા ખરીદીનું મુખ્ય કેન્દ્ર હોવાથી અસંખ્ય લોકો રોજિંદી ખરીદી માટે રોકડ નાણાંકીય રકમ મેળવા ઝડપી એટીએમ કાર્ડનો ઉપયોગ કરવો અનિવાર્ય બન્યું છે ત્યારે એટીએમ મશીન લોકડાઉન જેવી સ્થિતિ જણાતાં ભારે ધરમધક્કાની બેંકની ફેસેલીટી સામે સવાલો ઉભા થતાં નિરાશા વ્યાપી છે.

## આજે પ્રવાસન નિગમ દ્વારા ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ-૨૦૨૦ વિતરણ સમારોહ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા સૌ પ્રથમવાર રાજયના પ્રવાસન ક્ષેત્રમાં યોગદાન આપનાર સંસ્થાઓ અને વ્યકિતઓને સન્માનિત કરવા માટે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એકસલન્સ એવોર્ડ ૨૦૨૦નું આયોજન કરાયું છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને વર્ચ્યુઅલ ઈવેન્ટનું આયોજન કરાયું છે.

આ ઈવેન્ટનું તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ સાંજે ૪.૩૦ કલાકે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના ઓફિશિયલ ફેસબુક પેજ પર લાઈવ પ્રસારણ કરાશે. https://www.facebook.com/gujtourism પર તમામ નાગરિકો જોડાઈ શકે છે.

ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એકસલન્સ એવોર્ડ ૨૦૨૦માં રાજયના પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા, રાજયકક્ષાના પ્રવાસન મંત્રી વાસણભાઈ આહિર, પ્રવાસન વિભાગના સચિવ મમતા વર્મા, ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેકટર જેનુ દેવાન સહિત પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલી વ્યકિતઓ ઉપસ્થિત રહેશે.

બેસ્ટ એકોમોડેશન ફેસેલિટી, ટુર ઓપરેટર, ટ્રાવેલ ફિલટ ઓપરેટર, ટુરિસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ, બ્લોગર, ફોટોગ્રાફર, ગુજરાતી કયુઝિન રેસ્ટોરન્ટ, ટેકનોલોજી, લિડિંગ ટુરિઝમ ઈનિશિએટીવ બાય એ ડિસ્ટ્રિકટ, બેન્કવેટ/કન્વેશન ફેસેલિટી, ટુર ગાઈડ, ટુરિઝમ ઈવેન્ટ ઓર્ગેનાઈઝિંગ એજન્સી, સ્પેશ્યલ જયુરી એવોર્ડ સહિત ૧૩ કેટગરીમાં એવોર્ડ આપવામાં આવશે.


### ખોવાયેલ છે

મારું જી.એમ.સી.નું સર્ટીફિકેટ નામ : દેસાઈ ધવલ સાગરભાઈ, રજીસ્ટ્રેશન નંબર જી-૫૧૩૪૯ તા. ૩ એપ્રીલ-૨૦૧૪ ખોવાયેલ છે. કોઈને મળે તો નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

મો. ૭૭૩૮૧૯૦૨૧૬

### જાહેરાત

આદિજાતિ વિકાસ વિભાગમાં ઝેરોક્ષ, બુક બાઈન્ડીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગ, કલર કોપીની કામગીરી સ્થાનિક સંસ્થાને એક વર્ષ માટે આપવાની હોઈ (ગરરોજની કામગીરી રૂબરૂ મેળવી પૂરા પાડવાની રહેશે.) રસ ધરાવતા ઈસમોએ ઉપસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં. ૮/૬ઠ્ઠો માળ, નવા સચિવાલય, ગાંધીનગરના સરનામે બંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયાથી ૧૦ દિવસમાં સરકારી કામકાજના સમય દરમિયાન રજી.પો.એ.ડી. પત્રથી ભાવપત્રક મોકલી આપવાના રહેશે.

સહી/-
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

માહિતી/૯૪૯/૨૦-૨૧